# નગર તારા વગર

–ડૉ. દીલીપ મોદી

**.1.**

દોસ્ત ! જીવી જવાય છે સાલું,
પળમાં વીતી જવાય છે સાલું !

સુર્યકીરણો સમો ઝુરાપો આ,
રોજ પ્રગટી જવાય છે સાલું !

સર્વ સ્મરણો સળગતાં રહેવાનાં,
નીત્ય દાઝી જવાય છે સાલું !

પાર પેલી જવું હતું ક્ષણની,
કીન્તુ અટકી જવાય છે સાલું !

આવડે છે મને જુઓ તરતાં,
શાને ડુબી જવાય છે સાલું ?

તું ન સમજાવવાના યત્નો કર,
આમ સમજી જવાય છે સાલું !

દર્દીલો આ અવાજ તું સાંભળ,
કેમ કણસી જવાય છે સાલું ?

**.2.**

આંસુના તોફાની દરીયાનો અવાજ,
ધ્યાનથી સાંભળ તું સપનાનો અવાજ.

શી રીતે મુકું ભરોસો, હે સમય !
હું નથી ભુલ્યો એ ઘટનાનો અવાજ.

છાતીમાંથી નીકળે છે આરપાર,
વીંધી નાંખે મૌન પડઘાનો અવાજ.

ભયથી કંપી ઉઠતું અસ્તીત્વ આ,
કોણ કરતું રોજ છલનાનો અવાજ ?

લ્યો ! નસેનસ તુટી ગઈ અરમાનની,
રક્તમાં છલકાય પીડાનો અવાજ.

ક્યાં ગયો છે આજ ? પુછે બાગ ખુદ,
ફુલની નજદીક ભમરાનો અવાજ.

ચોતરફ તકલાદી સંબંધોનું વન,
ક્યાં મળે છે દીલાસાનો અવાજ ?

કલ્પનાની પાંખ લઈ ઉડે ‘દીલીપ’,
જોઈએ છે વાસ્તવીકતાનો અવાજ.

## .3.

આ પવનમાં ખુશ્બુ એવી તો ભળી,
મ્હેકતી હો પ્રેમીકાની પાંસળી.

સત્ય છે કે ચીત્તનો આ ભ્રમ હશે,
કોણ જાણે કે વગાડે વાંસળી !

ક્યાં જવું છે ? કેમ ? એ પુછ્યા ન કર,
આવવું છે ? ઝાલ મારી આંગળી.

ભાગ્યનો શો દોષ એમાં કાઢવો ?
એક પણ ઈચ્છા નહીં મારી ફળી.

આમ થાકેલો ને હારેલો છું પણ,
એ દીશામાં દોટ મુકી આંધળી.

ગાઢ અંધારું હતું હમણાં સુધી,
તું અહીં આવી ને બત્તી ઝળહળી.

હાલી કે ચાલી નથી શકતી ‘દીલીપ’,
દોસ્ત ! મારી વેદના છે પાંગળી.

**.4.**

વારતાનું આમ તોરણ હોય ના,
પાત્ર પરીચીત, કોઈ સગપણ હોય ના.

એટલું સાન્નીધ્ય ઝંખું છું સખી,
આપણી વચ્ચે હવા પણ હોય ના.

ઉંઘમાંથી જાગવાનો પ્રશ્ન ક્યાં ?
રાતભર આ બંધ પાંપણ હોય ના.

અર્થને સમજાવવાનો અર્થ શો ?
વ્યક્તી પાસે યોગ્ય સમજણ હોય ના.

શી રીતે સંબંધ એને તો કહો,
બે હૃદય વચ્ચે જો વળગણ હોય ના ?.

આજ ઉત્સવ છે જુદાઈનો ‘દીલીપ‘
બારસાખે આજ તોરણ હોય ના.

**.5.**

શબ્દથી હું આમ તો પ્રગટી ગયો છું,
હું કલમથી ઉમ્રભર જીવી ગયો છું.

તું નથી સમજાતી, હું સમજી ગયો છું,
હું સરળ ભાષા સમો ઉકલી ગયો છું.

તેથી રોમાંચક બની છે ભીતરે પળ,
રુપ તારું આંખથી સ્પર્શી ગયો છું.

સ્વપ્ન ખુટ્યાં, સ્વપ્ન તુટ્યાં, સ્વપ્ન છુટ્યાં,
હા, પીડા ઉંઘે છે, હું જાગી ગયો છું.

કાન દઈને સાંભળ્યું ના હોય તેં પણ,
મોરના કંઠે કદી ટહુકી ગયો છું.

માહીતી જખ્મી થયાની હા, મળી છે,
હું અજાણ્યે કોઈને વાગી ગયો છું.

**.6.**

ના સમજવાનું કદી સમજી ગયો,
આખરે પસ્તાઈને જીવી ગયો.

આવીને તું ફ્રેમમાં લટકાવશે,
ભીંત પર હું ખીલી જ્યાં ઠોકી ગયો.

ઉમ્રભર કીસ્સો સમયને પીડતો,
દર્દની મીજબાની હું માણી ગયો.

જીન્દગીને યાદ મેં રાખી અને,
જીવવાનું હું પછી ભુલી ગયો.

આમ તો જાણે હતું ખાબોચીયું,
એક માણસ શી રીતે ડુબી ગયો ?

ચાંદની વરસી રહી છે આભથી,
રાતને ખોબો ભરી હું પી ગયો.

કોઈપણ પરીણામ ના આવ્યું ‘દીલીપ’,
હું વરસની જેમ લ્યો, વીતી ગયો.

**.7.**

એક કાગળ પર હું સંબોધું તને,
આ ગઝલની ભેટ હું આપું તને.

શબ્દનો આગ્રહ હતો ને હઠ હતી,
અર્થના હોઠો વડે ચુમું તને.

હે સખી ! આથમતી સંધ્યાના કસમ,
પુષ્પના આ શ્હેરમાં શોધું તને.

આ પવનને એમ હું સ્પર્શું, સખી !
કે મને લાગ્યા કરે – સ્પર્શું તને.

એક ટહુકાની અછત વર્તાય છે,
ડાળ લીલી પર હવે ઝંખું તને.

રીક્તતા જન્મોજનમ છુટે નહીં,
ગાંઠથી મજબુત હું બાંધું તને.

## : મુક્તકો :

છોકરાએ છોકરીને કૈં કહ્યું,
છોકરીના રક્તમાં ઝરણું વહ્યું,
આજ નહીં વરસાદ વરસ્યો તે છતાં;
બેઉમાંથી કોઈ ના કોરું રહ્યું.
****

જડ હશે કે એ પછી ચેતન હશે,
જે હશે, ચોક્કસ એ મારું મન હશે.
બંધ ઘરના ઓરડે હું રણ શ્વસું,
દ્વાર ખોલું, બ્હાર લીલું વન હશે.
****

ક્યાં મળે છે મારી ઉલઝનનો ઉપાય ?
પ્રેમનો આ રોગ શા કારણથી થાય ?
છું તરસ રણની, તું દરીયો લાવજે,
શી રીતે દીનરાત લંબાવી શકાય ?
****

થાય ઈચ્છા તો ભરોસો કર સખી !
તારી પાસે આવું, રસ્તો કર સખી !

વૃક્ષ લીલુંછમ ઉમળકાનું છું હું,
ડાળ પર બેસીને ટહુકો કર સખી !

****

ચોરીછુપીથી પ્રણય ક્યાં થાય છે ?
શબ્દ વીના કોણ ગીતો ગાય છે ?
પ્રીયજનની હાજરીમાં શી ખબર,
આ પવન પણ કેમ મ્હેકી જાય છે !

****

આજ સરવાળો પ્રણયનો કર સતત,
કર વીરહની બાદબાકી હર વખત.
ટુંકમાં, આવું ગણીત મુજને ગમે છે,
દીલ ઉપર મારા કરી દે દસ્તખત.

–ડૉ. દીલીપ મોદી

**કવી સંપર્ક:** 10, નવનીર્માણ સોસાયટી, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત–395 001
ફોનઃ 0261- 2474700 / 2662200 Email: drdilipmodi@yahoo.com
કવીનું સર્જનઃ ગઝલસંગ્રહો– 'પંથ' (1983), 'દાખલા તરીકે તું....' (1990), 'અહેસાસ' (2007), 'એક અલ્લડ છોકરી' (2008), 'નગર તારા વગર' (2009)
મુક્તકસંગ્રહોઃ 'હે સખી ! સંદર્ભ છે તારો અને–' (1997), 'હે સખી ! સોગંદ છે મારા તને–' (2004) @

'સન્ડે ઈ–મહેફીલ'ના આ ગઝલ–અંકના અતીથી સંપાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર..... ઉત્તમ ગજ્જર..

@@@

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ પાંચમું – અંકઃ 185 – February 14, 2010
'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકનઃ સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@@@

All the Articles of previous **'SUNDAY eMAHEFIL's** can easily be downloaded from our website:

http://www.gujaratilexicon.com/index.php?action=downloadSeM